# જી.એમ.ઈ.આર.એસ મેડીકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ ગાંધીનગર

**ભાગ–૧ (ટેકનીકલ બીડમાં મુકવાનો ભાગ)**

**એન.પી.સી.બી એન્ડ વી.આઈ સબ કમિટિ – ડ્રિસ્ટિકટ હેલ્થ સોસાયટી ગાંધીનગર**

દવાઓ અને શાર્પ ઈન્સ્ટુમેન્ટ માટેનુ ટેન્ડર

**(2017-18)**

---

**મોકલનાર નું નામ અને સરનામું ફોન નં.**

**ટીન નં.**

## દવાઓ અને શાર્પ ઈન્સ્ટુમેન્ટ ખરીદવા માટેના ટેંન્ડરની શરતોઃ–

1. ટેન્ડર કવર માત્ર એક જ રાખવાનુ છે. ટેન્ડર કવર ઉપર સ્પષ્ટ અક્ષરોમાં " દવાઓ અને શાર્પ ઈન્સ્ટુમેન્ટ માટેના ટેકનીકલ અને કોમર્સીયલ બીડ– આખર તારીખઃ તા.૨૫/૧૦/૧૭" અચુક દર્શાવવાનું રહેશે. આ એક સીલબંધ ટેન્ડર કવરમાં બે કવર આપવાના રહેશે. (૧) પ્રથમ કવર " ટેકનીકલ બીડ " અને (૨) બીજુ કવર " કોમર્સીયલ બીડ " આમ, ટેન્ડર કવરમાં બે કવર મુકવાના રહેશે.
2. <u>કવર નં–૧</u> "ટેકનીકલ બીડ " માં મુકવાના જરૂરી પ્રમાણિત દસ્તાવેજો/ પ્રમાણપત્રો–(A) અસલ ટેન્ડરનો વિગતો ભરેલ અને સહી સિકકા સાથેનો ભાગ–૧ (B) નોન રીફંડેબલ ટેન્ડર ફી રૂ.૫૦૦/– "**NTBCP:NATIONAL TRACHOMA & BLINDNESS CONTROL PROGRAMME, GANDHINAGAR**" ના નામનો ડ્રાફટ ટેન્ડર ફોર્મ સાથે જોડવાનો રહેશે.(C) પાન કાર્ડની સ્વયં પ્રમાણીત નકલ (D) સેલ્સ ટેક્ષ રજીસ્ટ્રેશન પુરાવાની પ્રમાણીત નકલ(E) દવાઓ માટે રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા)અને શાર્પ ઈન્સ્ટુમેન્ટ માટે રૂ.૫,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) સામાન્ય સીકયુરિટી ડીપોઝીટ–EMD(રીફંડેબલ) પેટે"**NTBCP: NATIONAL TRACHOMA & BLINDNESS CONTROL PROGRAMME, GANDHINAGAR**" ના નામના અલગ અલગ ડ્રાફટ જોડવાનો રહેશે.(F) જરૂરી નિયત ડ્રગ લાયસન્સ ની પ્રમાણીત નકલ. (G) સંલગ્ન ઓથોરીટી લેટર.

   **<u>કવર નં–૨</u>** " કોમર્શીયલ બીડ" માં ફકત અસલ ટેન્ડરનો ભરેલ ભાવ સાથે સહી સિકકા સાથેનો ભાગ–૨ એ અને ભાગ– ૨ બી અલગ અલગ બંધ કવરમાં મુકવાનો રહેશે. જે તે આઈટમના ભાવ દર્શાવેલ કોલમ મુજબના યુનીટ પ્રમાણે જ ભરવાના રહેશે. દરેક ભરેલ ભાવ ઉપર પારદર્શક પટ્ટી અચુક લગાડવાની રહેશે.

3. ટેન્ડર ફોર્મ વેબસાઈટ www.gmersmchgandhinagar.com પરથી તા.૨૫/૦૯/૧૭ થી તા.૨૫/૧૦/૧૭ સુધીમાં ડાઉનલોડ કરવાનું રહેશે.ટેન્ડર ફી નો ડ્રાફ્ટ, EMD ડ્રાફ્ટ, ભરેલ ટેન્ડર સાથે તા. ૨૫/૧૦/૧૭ સાંજે ૪:૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરી ખાતે (રવીવાર તથા રજા ના દીવસો સીવાય )સીલ બંધ કવરમાં મોકલવાનો રહેશે.

4. મંજુર થયેલ ઈજારો કરાર થયા તારીખ થી તા.૩૧/૦૩/૧૮ સુધી અમલમાં રહેશે. તેમ છતાં સદર કરાર માં વધારો/ઘટાડો કરવાનો, નવા કોન્ટ્રાકટ ન થાય ત્યાં સુધી તે ચાલુ રાખવાનો/કોન્ટ્રાકટ એક્ષ્ટેન્ડ કરવાનો અધિકાર સંસ્થાના વડાનો રહેશે.

5. પ્રથમ "ટેકનીકલ બીડ ના કવર ખોલવામાં આવશે. ત્યાર બાદ માગ્યા મુજબની લાયકાત ધરાવતા અને શરતોનું પાલન કરતા હશે. તેમના જ કોમર્શીયલ બીડ ખોલવામાં આવશે. ટેન્ડર ની નિયત આખર તારીખના બીજા દિવસે ટેકનીકલ બીડ અને નિયત આખર તારીખના ત્રીજો દિવસે કોમર્સીયલ બીડ ખોલવામાં આવશે.

6. અસલ ટેન્ડર ફોર્મ જ સ્વીકાર્ય છે તેની ઝેરોક્ષ નકલ રદ બાતલ ગણાશે. ટેન્ડર કવર સીલ કરવાનું રહેશે અને ટેન્ડર કવર ઉપર પેઢીના સિકકા લગાડેલ હોવા જોઈએ.

7. અધુરી, અસ્પસ્ટ કે સંદિગ્ધ ભાષા વાળી ઓફર, છેકછાકવાળું/ ઓવરરાઈટીંગ જેવી ક્ષતિવાળું ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

8. ટેન્ડરરે ટેન્ડર કોપીના દરેક પાના ઉપર પેઢીના રબ્બર સ્ટેમ્પ/સીકકા સાથે ઓથોરાઈઝ પર્સનની સહી કરવાની રહેશે.

9. ભરેલ સીલબંધ ટેંન્ડર ફોર્મ નિયત તારીખે મળે તે રીતે રજી.એ.ડી. અથવા રૂબરૂ અત્રે મોકલી શકાશે. નિયત તારીખ/સમય પછી આવેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે. નહી.

10.કોઈપણ શરતોવાળું/શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

11. જે પેઢી/એજન્સીએ ટેંન્ડર ફી અને સીકયોરીટી ડીપોઝીટ ભરેલ હશે તેનુ જ ટેન્ડર સ્વીકરવામાં આવશે.

12. સદર ટેન્ડર ની કોઈપણ શરતમાં સુધારા–વધારા કરવા, રદ કરવા, ઉમેરો કરવા કે કોઈ શરતનો અર્થઘટન કરવાનો પ્રશ્ન ઉપસ્થીત થાય તો તેની આખરી સત્તા સંસ્થાના વડાની રહેશે તેમજ પેઢીનુ ટેંન્ડર માન્ય રાખવુ કે નહી તે અંગેની સંપૂર્ણ સત્તા સંસ્થાના વડાની રહેશે.

13. સદરહુ ટેન્ડરની આઈટમો પૈકી દવાઓ માટે જેતે દવાના સપ્લાય અંગે સંલગ્ન ઉત્પાદકનો ઓથોરીટી–લેટર અવશ્ય રજુ કરવાનો રહેશે. દવાઓ સપ્લાય માટે ઉત્પાદક/ઓથોરાઈઝ ડીલર/એજન્સી/સપ્લાયર વગેરે પેઢીઓ ટેન્ડર ભરી શકશે.

14. ટેન્ડર ફોર્મમાં જણાવેલી તમામ લાયકાતો કે કોઈપણ એક લાયકાત નહી ધરાવનાર સંસ્થા/ટ્રસ્ટી/સહકારી મંડળી/ભાગીદારી પેઢી તરફથી રજુ કરવામાં આવેલ ટેન્ડર મુળથી રદબાતલ ગણાશે.

15.દરેક આઈટમના ભાવ પાર્ટ–૨ કોમસીયલ બીડમાં દર્શાવયા મુજબ હોસ્પિટલ બેઠાના ઈન્ડીયન કરન્સીમાં દર્શાવવાના રહેશે.

16.ટેન્ડરરે અસલ ટેન્ડર સમયમર્યાદામાં જમા કરાવતાં પહેલા,ટેન્ડરમાં કોઈપણ ગેરરીતીને અટકાવવા ભાવના કોલમ ઉપર સળંગ પારદર્શક પટ્ટી ફરજીયાત લગાવવાની રહે છે. આ શરતનો ભંગ કરાયેલ ટેન્ડરનો સ્વીકાર કરવામાં આવશે નહીં.

17.ટેંન્ડર ભર્યા બાદ ભાવોની વધ–ઘટ માન્ય રાખવામાં આવશે નહીં.

 **Signature & Stamp of Tenderer**

18.એક જ દવા/આઈટમના જુદા–જુદા ભાવો પૈકી સૌથી ઓછા ભાવ વાળી/લઘુતમ ભાવ વાળી ટેંન્ડરની તમામ શરતો પૂર્ણ કરતી પેઢીના ભાવ માન્ય રાખવામા આવશે.

19.મંજુર ભાવ વાળી પેઢી ખરીદ ઓર્ડરના સપ્લાય અંગે ના પાડી શકશે નહી તેમજ કોન્ટ્રાકટની કોઈપણ શરત ભંગ બદલ સીકયોરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરી શકશે.

20.દવાઓ, મીસેલેનીયસ તથા સર્જીકલ આઈટમો વર્ષ દરમ્યાન અત્રેના હોસ્પિટલ ની જરૂરીયાત મુજબ ખરીદવામાં આવશે, જે અત્રેને પુરી પાડવાના રહેશે. બીડમાં દર્શાવલ જરૂરીયાતનો જથ્થો અંદાજીત/ટેન્ટેટીવ છે, જેમાં વધ

ઘટ થઈ શકે છે. અત્રેના ખરીદ ઓર્ડરનો જથ્થો ઓર્ડરની તારીખ થી ૧૦ (દશ) દિવસમાં સપ્લાય કરવાનો રહેશે, વિલંબીત સપ્લાયની અવઘી ખરીદ ઓર્ડરની તારીખથી ૨૧ દિવસનો રહેશે. સદર ડીલીવરી પીરીયડ/સમય મર્યાદામાં ખરીદ ઓર્ડર સામે સપ્લાય કરવામાં નહી આવે તો અન્ય પેઢી પાસે ખરીદ કરવામાં આવશે અને તેના તફાવતના નાણાની પેન્ડીગ બીલ/ડીપોઝીટ/અન્ય રીતે વસુલાત કરવામાં આવશે.

21. આ સંસ્થા ને સપ્લાય થઈગયેલ / આ સંસ્થા ખાતેથી તેના તાબા હેઠળની અન્ય સંસ્થા ખાતે સપ્લાય થયેલ દવાઓ, મીસેલેનીયસ તથા સર્જીકલ આઈટમો ના કવોલીટી બાબતે કોઈપણ પ્રશ્ન ઉભો થયેથી તુરંત જેતે તમામ જથ્થો તાત્કાલીક રીપ્લેસ કરી આપવાનો રહેશે, અન્યથા ઉપર મુજબ રીસ્ક પરચેઝ–રીકવરીની કાર્યાવાહી કરવામાં આવશે. જરૂરી જણાયે પેઢીએ ટેસ્ટ રીપોર્ટ પણ રજુ કરવાનો રહેશે, અન્યથા નિયમાનુસાર પગલા ભરવામાં આવશે.

22.ગુજરાત મેડીકલ સર્વીસીસ કોર્પોરેશન લી. (GMSCL) તરફથી થયેલ ભાવકરાર વાળી પેઢીઓ પાસેથી જે તે આઈટમ ખરીદવા/સપ્લાયના કિસ્સાએ અથવા GMSCL દ્વારા સપ્લાયના કિસ્સાએ,ખરીદ ઓર્ડર આપવામાં આવશે નહી.

23.જે કંપનીના ભાવો માન્ય કરાશે તેણે ઓર્ડર મુજબ સ્ટ્રેન્થ/સ્પેશીફીકેશન અથવા મંજુર સેમ્પલ પ્રમાણે જ સપ્લાય આપવાનો રહેશે.

24.ખરીદ ઓર્ડર મુજબ સંતોષકારક માલ સપ્લાય કરી બીલ ત્રણ નકલમાં એડવાન્સ રીસીપ્ટ સાથે મોકલવાનું રહેશે. અનુદાન ઉપલબ્ધી પ્રમાણે ચુકવણું કરવામાં આવશે.

25.પેમેન્ટ ન મળવાના કારણથી ઓર્ડર મુજબ સપ્લાય ન કરવાની રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

26.અત્રેની સંસ્થાના વડાને એક ટેન્ડર કે બધાજ ટેંન્ડરો સ્વીકાર કે અસ્વીકાર કરવાનો કે શરતોમાં ફેરફાર કરવાનો અબાધિત અધિકાર રહેલો છે. જે બદલ કોઈ પણ વેપારી કોઈપણ કાનુની કાર્યવાહી કરી શકશે નહીં.

27.ટેંન્ડર ભર્યાબાદ/સબમીટ થયા બાદ ભાવ ભરવામાં ભુલ થયાની અથવા તેમાં સુધારો કરવા અંગેની અથવા ભરેલ ભાવ રદ ગણવાની માંગણી સ્વીકારવામાં આવશે નહી, તેમજ શરતચુક અંગેની રજુઆત/માંગણી પરત્વે ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

28.આ ટેંન્ડર પ્રકીયા પહેલા, દરમીયાન કે આખરીકરણ સમયે કોઈપણ પ્રકારનુ રાજકીય,વહીવટી કે અન્ય પ્રકારનુ અયોગ્ય દબાણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લાવનાર અને તેવા પ્રયાસ કરનાર સંસ્થા/ટ્રસ્ટી/સહકારી મંડળી/ભાગીદારી પેઢી/ઈસમનુ ટેન્ડર અયોગ્ય ગણાશે અને તેને ગણત્રીમાં લેવામાં આવશે નહી.

 **Signature & Stamp of Tenderer**

29.ટેન્ડર ખોલવાની તારીખે અને સમયે જેતે એજન્સી/પેઢીના પ્રતિનિધી ઈચ્છે તો સમયસર હાજર રહી શકે છે. કોઈપણ એજન્સી/પેઢીના પ્રતિનિધીની રાહ જોવામાં આવશે નહી અને સમયસર હાજર ન રહેલ એજન્સી/પેઢીના પ્રતિનિધીનો કોઈપણ વાદ વિવાદ માન્ય રહેશે નહી.

30. ટેન્ડરરે <u>**''NTBCP: NATIONAL TRACHOMA & BLINDNESS CONTROL PROGRAMME, GANDHINAGAR''**</u> ના નામનો દવાઓ માટે રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા)અને શાર્પ ઈન્સ્ટુમેન્ટ માટે રૂ.૫,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નો રાષ્ટ્રીયકૃત બેંકનો ડીમાન્ડ ડ્રાફટ, ડીપોઝીટ તરીકે ટેન્ડર સાથે અલગ અલગ અવશ્ય રજુ કરવાના રહેશે, તે સિવાયનું ટેન્ડર રદ ગણાવાં આવશે. જે નાણા વ્યાજ વગર પરત કરવામાં આવશે.

**31.સીલ બંધ ટેન્ડર મોકલવાનું સરનામું–**

**ચેરમેન અને તબીબી અધિક્ષકશ્રી ની કચેરી,**

(એન.પી.સી.બી. & વી.આઈ, સબકમીટી – જી.ગાંધીનગર)
ગાઉન્ડ ફલોર, બ્લોક નં આઈ/૧,GMERS મેડીકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ
સેકટર–૧૨, ગાંધીનગર.

 **Signature & Stamp of Tenderer**

# **કરાર**

**પ્રતિ,**
**ચેરમેન અને તબીબી અધિક્ષકશ્રી,**
(એન.પી.સી.બી. & વી.આઈ, સબકમીટી – જી.ગાંધીનગર)
ગાઉન્ડ ફ્લોર, બ્લોક નં આઈ/૧,GMERS મેડીકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ,
સેકટર–૧૨, ગાંધીનગર.

આપની સંસ્થા ના વિવિધ દવાઓ,શાર્પ ઈન્સ્ટુમેન્ટ, મીસેલેનીયસ આઈટમો સપ્લાય કરવા માટેના આ ટેંન્ડર ફોર્મની તમામ શરતો અને લાયકતો મેં ધ્યાન પુર્વક વાંચી/સમજી છે, અને આ માટેની સંપુર્ણ લાયકાતો ધરાવું છુ. અને તેના સમર્થનમાં જરૂરી/માંગ્યા મુજબના લાયસન્સ,પરવાના અને પ્રમાણપત્રો આ સાથે રજુ કરું છું. ટેંન્ડરની ૧થી ૩૧ સુધીની શરતો મેં વાંચી/સમજી છે અને શરતો પુર્ણ ન થતાં મારું ટેંન્ડર ફોર્મ રદબાતલ થશે તે હું જાણું છું.અને તે મુજબ ભાવો ભરેલ છે. તે પ્રમાણે ટેન્ડરની ઉકત તમામ શરતો અમોને કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે. આ શરતોનું કરાર સમય દરમ્યાન અમારા તરફથી શરતભંગ થયેથી સંસ્થાના વડા અમારો કરાર અધવચ્ચેથી રદ કરી શકશે. તેમજ અમારા ખર્ચે અને જોખમે નવો કરાર કરી શકશે/અન્ય વૈકલ્પીક રીતે કામગીરી કરાવી શકશે. જે બદલ અમે કોઈ દાદ કે ફરીયાદ કરીશું નહી. અને કાનુની કાર્યવાહી કરીશું નહી. કાર્યવાહી માટે કોર્ટ મથક ગાંધીનગર રહેશે.

ટેન્ડરરની સહી અને સિકકો–  ભાવ પત્રક ભરનાર કંપનીનું નામ સરનામું–
તારીખ–  ટેલીફોન નં./ મોબાઈલ નં.–

 **Signature & Stamp of Tenderer**